સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આજે મહત્ત્વ, હવે કરો પૂજન હથિયારનું !
રાજકારણે, ચૂંટણીમાં ચલણ હથિયારનું !
કરી અમે પૂજા 'બોલપેન' વિજયા દસમે -
સરહદો સાચવવા મહત્ત્વ છે હથિયારનું....

હાઈકુ

બની છે ઢાલ
હથિયાર હાથમાં -
બધા ધંધામાં...

મંદિરો બંધ,
ભૂલાયા ભગવાન -
'શસ્ત્ર પૂજન...'

ચિંતન

વસ્યોભૂયાય વસુમન યજ્ઞો વસુ વંશષીય વસુમાન,
ભૂયાસં વસુ મયિ ધેહિ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

હે માનવો!! ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો અને હંમેશા એવો પ્રયત્ન કરતા રહો કે પરોપકાર વડે સંસારનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદ મળતું રહે.

અહિંયા માનવીને ત્રણ બાબતો માટે કહેવાયું છે (૧) ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો,(૨) પરોપકારનો માર્ગ અપનાવો અને (૩) શ્રેષ્ઠતા મેળવો.

ઈશ્વર ઉપર વિશ્વાસ અને પરોપકારના માર્ગે ચાલીને માનવી શ્રેષ્ઠતા મેળવી શકે છે. જે માણસ બીજા ઉપર ઉપકાર કરવાની જેટલી બધી ભાવના હોય છે એટલી જ તેનામાં માનવતા હોય છે.

આવા લોકો જ જીવનમાં યશસ્વી બને છે. આત્મગૌરવ, સદાચાર, મહાનતા અને પરમાર્થના શ્રેષ્ઠ માર્ગ ઉપર ચાલવાની પ્રેરણા આપે છે. આ શ્રેષ્ઠ માર્ગ જ કલ્યાણ કારી છે.

સુવિચાર

- મશહુર હોને કા શૌક કીસે હૈ સાહબ,
  હમેં તો હમારે અપને હી ઠીક સે પહચાન લેં તો ભી કાફી હૈ - **બેપ્સી એન્જીનીયર**
- અંતનો પણ અંત હોય છે, કોઈ કયાં અનંત હોય છે,
  પાનખર પણ એક ઘટના છે, બારેમાસ કયાં વસંત હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચા સંબંધોનો સાર કેટલો ?? વગર બોલે વંદના વંચાય એટલો...!! - **જીવન પાથેય**
- મજબૂરી ભાષા બદલે છે,અને અભિમાન પરિભાષા - **જ્ઞાનજીવન દાસજી**
- ઈર્ષા એ કમરના દુઃખાવા જેવી છે એક્સ-રેમાં ન આવે પણ એ નિરાંતે બેસવા પણ ન દે... માટે મનમાંથી કાઢી નાખવી - **કાજલ ઓઝા**
- મહેનત તમને ત્યાં લઈ જશે જયાં નસીબ તમને ગોતી લશે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : એક સોપારી જેટલો ગોળ કાયમ ખાવાથી બહેનો માસિક સંબંધી સમસ્યાઓ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અંગ્રેજોના શાસન પહેલા બંગાળના કાસિમ બજારના રાજા મણિચંદ્ર નંદી જેટલા ઉદાર, પ્રજાવત્સલ અને નિરભિમાની હજી કયાંક જોયા નથી, તેમના ઉદાર અને ઉદાત્ત શાસનમાં પ્રજા સુખી અને સમૃદ્ધ હતી. પ્રજા પણ આદર્શ રાજાના વખાણ કરતા થાકતી નથી. તેઓ એકવાર સામાન્ય પ્રજાની જેમ ટ્રેનમાં પ્રાસ કરી કાસિમ બજાર પરત ફરી રહ્યા હતા. વચ્ચે ટ્રેનમાં એક સ્ટેશન આવ્યું. ઉતરનારા ગાડીમાંથી ઉતરી ગયા અને બેસવાવાળા ગાડીમાં ચડી ગયા. એ વખતે એક વૃદ્ધા માથે પોટલું લઈ ગાડીમાં ચડવાની કોશિશ કરી રહી હતી. એક તો વૃદ્ધાવસ્થા, અશક્ત શરીર અને નબળી આંખો અને સાથે વજનદાર પોટલું... ડોશીમાં ટ્રેનમાંથી નીચે ઊતરી શકતા ન હતા. ડબ્બામાં સૌ મુસાફરો ડોશીની આ મુશ્કેલી જોઈ રહ્યા હતા. પણ કોઈ એમને મદદ કરવા આગળ આવતું ન હતું. રાજા મણીચંદ્રની લાચારી જોઈને તરત ડોશી પાસે આવ્યા. પોટલું ઊંચકી નીચે ઉતર્યા અને ડોશીને પણ હાથ પકડી ઉતાર્યા વળી પોટલું ઊંચકીને માથે મૂકી આપ્યું. આંખો નબળી હોવાથે કારણે ડોશીને ખબર પડી નહીં કે એમને મદદ કરનાર કાસિમ બજારના રાજા સાહેબ ખુદ છે. એવામાં ગાડી ઊપડી અને જાણે કશું બન્યું જ ન હોય તેમ રાજા સાહેબ પોતાની બેઠક પર જઈ બેસી ગયા.

જૂતાં ઉછાળવાનું ગોબરું રાજકારણ

તંત્રીસ્થાનેથી...

લોકશાહીમાં વિરોધી અભિપ્રાય વ્યક્ત થા તે ખોટું નથી, બલકે કેટલેક અંશે એ ખૂબ જ આવકારવાલાયક છે. તંદુરસ્ત લોકશાહીના વિકાસનો પાયો સબળ વિરોધ પક્ષ જ રચી શકે. ઊંઘું ઘાલીને શાસક પક્ષની હા એ હા કરવાથી સમય જતાં લોકશાહીની ઈમારતને લૂણો લાગવાની સંભાવના રહે છે. અમેરિકા વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી ગણાય છે. યુરોપ અને યુ.કે.માં વિકસિત થયેલી સ્વસ્થ લોકશાહી છે. ભારતની પ્રજા મૂર્તિપૂજક, વ્યક્તિપૂજક હોઈ અહીં લોકશાહીનું સાચું કલેવર વિકસવું અઘરું છે. મહારાજાઓ, સાધુસંતો, ધનકુબેરો, અભિનેતાઓ વગેરે પ્રત્યે સામાન્ય પ્રજાને એટલી હદે મોહ રહે છે કે એ સાચા લોકસોવકોને હાંશિયે ધકેલી આવા લોકોને મોભારે ચડાવતી રહી છે. રાજકીય પાર્ટીઓ આ સત્ય બરાબર સમજતી હોઈ શોધી શોધીને એવી વ્યક્તિઓને પોતાના ઉમેદવારો બનાવતી રહ છે. પરિણામે સત્તો હાંસલ થઈ જાય છે પરંતુ લોકશાહીને જબરો ઘસારો પહોંચે છે. પહેલી લોકસભામાં લગભગ બધા જ જાણીતા રાજામહારાજા અને કેટલાક ઉદ્યોગપતિઓ કોંગ્રેસના ઉમેદવારો તરીકે ચૂંટાયા પછી. રાજામહારાજાઓનો સાથ લઈ નહેરુની વિરુદ્ધ પડેલા ચકવર્તી રાજગોપાલાચારીઓએ સ્વતંત્ર પક્ષ બનાવ્યો હતો. જયપુરનાં મહારાણી ગાયત્રીદેવી જેવા ઉમેદવારો લોકસભામાં પરંપરાગત કરિશ્માને લીધે ચૂંટાતા રહે પણ 'લોક' સાથે તો તેમનો સ્નાનસૂતકનો સંબંધ ન હોય. સમય જતાં જ્ઞાતિવાદી સમીકરણો ઊપસી આવ્યાં અને હવે તો લગભગ તમામ ચૂંટણીઓમાં એ માન્ય માપદંડ બની ચૂક્યાં છે. વળી સત્તા માટે જરૂરી બહુમતી ખૂટતી લાગે ત્યારે પક્ષપલટા કરાવીને કે ચૂંટાયેલા ધારાસભ્યોને રાજીનામાં અપાવીને સમીકરણો બેસાડવાની નવી વખોડવાપાત્ર રાજરમત શરૂ થઈ જેને લીધે પ્રજામાં નાણાં બિનજરૂરી પેટાચૂંટણીઓ પાછળ ખરચાવા લાગ્યં છે. પ્રજાને રાજકીય હેતુસર થતા રહેતા આવા હથકંડા ન જ ગમે તે સ્વાભાવિક છે. ગુજરાતના લોકપ્રિય પાટીદાર નેતા અને અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને કરણજ વિધાનસભા મતવિસ્તારના ઉમેદવારના પ્રચાર વખતે પત્રકારોની ઉપસ્થિતિમાં કોઈએ છૂટું ચંપલ મારવાની કોશિશ કરી તે લોકશાહીની નિર્બળતા અને એક અર્થમાં નિષ્ફળતા જ ગણાય. એ ઘટના જરૂર વખોડવા પાત્ર જ છે. પરંતુ આવી વિકૃત માનસિકતા પેદા કરનાર પણ આપણું વિકૃત મનોદશા ધરાવતું રાજકારણ જ છે. કરજણના ભાજપના ઉમેદવાર ગત વિધાનસભામાં કોંગ્રેસની ટિકિત પર ચૂંટાઈ આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટી પાસે ગત રાજયસભાની ચૂંટણીમાં એમના ઉમેદવાર નરહરિભાઈ અમીનને જિતાડવા માટે કેટલાક મત ખૂટતા હતા. એથી કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોને રાજીનામાં અપાવી પેટા ચૂંટણીમાં પાર્ટીની ટિકિટ અને બીજી લાલચ આપી ભાજપનો ખેસ પહેરાવવાનો ખેલ પડાયો હતો. સ્વાભાવિક છે કે એથી સ્થાનિક મતદાતાઓમાં ઉમેદવાર પ્રત્યે અને પક્ષપલટો કરાવી એને ફરી ઉમેદવાર બનાવનાર પ્રત્યે રોષ પ્રગટે. જો કે એ રોષ મતદાન મારફત જ વ્યક્ત થવો જોઈએ. પરંતુ આપણી લોકશાહી એટલી પરિપક્વ નથી એટલે એ કયારેક બૂટચંપલ મારફત વ્યક્ત થતો રહે છે. બિહારમાં નીતીશકુમાર સામે પણ ચંપલબાજી ચાલુ છે અને એમ તો અડવાણીની વિરુદ્ધ સુરેશ પટેલના પ્રચારમાં આવેલા તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહ પર પણ અમદાવાદની સભામાં બૂટ ફેંકાયો હતો. પ્રજા પાસે નેતાઓનો પ્રત્યક્ષ વિરોધ કરવાનું માધ્યમ નથી એનું જ આ પરિણામ છે. રાજનેતાઓ આ બાબતે પોતાનાં કરતાં વિશેષ તો લોકશાહીના અપમાન તરીકે જોવી જોઈએ. મતદાતાઓમાં આવી વિકૃત માનસિકતા પેદા થાય એ આપણી લોકશાહીની અપરિપક્વતા દર્શાવે છે.

ફેસબુકને અધુરી છોડી તેણે વોટ્સએપ ખોલ્યું...

નવાં કલેવર
નટવર હેડાઉ

આજ સવારથી તે પોતાના સ્માર્ટ ફોનમાં ફેસબુક ખોલીને બેસી ગયો. થોડા દિવસ પહેલાં સુધી તેના હજારો ફેસબુક ફ્રેન્ડ હતા. તેમાં ઘણાં તો એવા હતા કે કયારેય કોઈ પોસ્ટ મુકતા ન હતા. છતાં તે રોજ બધાની નવી પોસ્ટ જોઈ શકતો ન હતો. તેથી હમણાં થોડા દિવસથી ગણાને 'અનફ્રેન્ડ' કરી દીધા પછી હવે તેના માત્ર સાતસો-આઠસો ફ્રેન્ડ જ રહી ગયા હતા. જેથી તેને રાહતનો શ્વાસ લીધો.

આજ તેણે ઝડપથી પોસ્ટ જોવાનું શરૂ કર્યું. ફ્રેન્ડ રીકવેસ્ટ... કટ.. ગૃપમાં જોડાવા માટે રીકવેસ્ટ... કટ... માંડ માંડ પહેલાં હતા તેને ઓછા કર્યા તેમાં તેણે ટેગવાળી પોસ્ટ જોવાનું શરૂ કયું. ઓહ! દુઃખદ... ચાલો, આગળ વધો. દુઃખદ સમાચાર... જોઈ લીધી... આવા બીજા કેટલાય આવશે. નમન... વાહ, શાનદાર, લાઈક... આગળ લાઈગ... ચાલો જલ્દી... વીડિયો... કોનો છે?... કોણ જૂએ... લાઈક ... જવા દો. બાળકોના ફોટા... લાઈક... તંદુરસ્તીના ઉપાય... અરે ભઈ ટાઈમ કયાં છે?... લાઈક ... લાઈક... તેનો અંગુઠો ઝડપથી દેશ્યોને ઉપર મોકલી રહ્યો હતો. પણ પોસ્ટ તો એક પછી એક આવ્યે જ જતી હતી. તે અમુકને થોડી ઘણી અડધી પડધી વાંચતો અને અંગુઠાથી આગળ વધારી દેતો હતો. રસ પડે તેવો પ્રસંગ આવે ત્યાં સુધી વાંચતો 'સી મોર' આમ કરતાં આ બધાની વચ્ચે ઘેરાયેલો તે થાકી ગયો હતો. ઘરમાં પણ દિવાળી પહેલાંની સાફસફાઈ ચાલતી હતી.

ફેસબુક મુકીને તે ઊભો થયો. પણ તેનું દુનિર્વાર આકર્ષણ તેના મગજને આંદોલીત કરતું હતું. તે એક કપ ચ્હા લઈને ફરી બેઠો. તેની સામે જાણે કે માહિતીઓની અંતહિન ઈન્દ્રજાળ હતી. કેટલાયે પ્રોફાઈલ ફોટા બદલી નાંખ્યા હતા. તો વળી ઘણા લોકોએ તો પોતાના જૂના ફોટા, કોઈ ગઝલ કે પછી ફરવા ગયા હોય તેવા પ્રવાસન સ્થળો ના પ્રાકૃતિક દેશ્યો તેમજ મંદિરોના ફોટા મુકેલા હતા. હવે આ બધું કોણ જુએ... શરુઆતના દિવસોમાં આ બધું સારું લાગતું હતું. પણ હવે એ બધું ટાઈમ પાસ જેવું લાગે છે. કેમ કે અમુક મિત્રો તો તેમની રોજની દિનચર્યામાં જે કોઈ મળ્યા હોય તેના ફોટા મુકી દેતા હતા. તો કોઈએ સાંજે શું ખાધું તે ભોજનની થાળી મુકેલી જોઈ શકાતી હતી. તેની આંખો મીંચાવા લાગી માથું ભારે થઈ ગયું. પેટમાં ગુડગુડ થવા લાગ્યું. છતાં તે આભાસી દેશ્યોની દુનિયામાંથી બહાર નીકળી શકતો ન હતો. મજૂર દિવસના કાર્યક્રમના એક ડઝન ફોટા, સાહિત્યના કાર્યક્રમના પચ્ચીસ ફોટા અને વિચારો.... અરે ! આ બધું તો રોજનું થયું... ચાલો આગળ વધો... તેમાં વળી કોરોનામાં વેબીનારોની બોલબાલા.

તેને યાદ આવ્યું... સવારે એક લેખ જોયેલો વિશિષ્ટ સમાજ અંગે... હાં એવું જ કંઈક હતું ? પણ નામ શું છે? 'આવતીકાલનો સમાજ' કોનો હતો? અરે યાદ... નથી આવતું... આ તરફ તેના હાથની આંગળીઓ ઝડપથી ફરી રહી હતી. લાઈક... લાઈક... લાઈક.... તો બીજી તરફ તેનું મન પાછું ફરીને સવારે જોયેલા લેખને શોધતું હતું. પરંતુ તેની આંખો સામે આજ જોયેલી કોમેન્ટ અને દેશ્યો ઝલમળી રહ્યા હતા. તે ઈચ્છતો હોવા છતાં કંઈ વિચારી શકતો ન હતો. પેલો લેખ પણ થોડો વાંચી લાઈક કરી દીધો હતો. હવે કોણ તેને ફરી શોધે. ગયો તે ગયો.... અત્યાર સુધીમાં તેનું મન ખાલી અને ઉચાટ વધી ગયો હતો.

ફેસબુકને અધુરી છોડી તેણે વોટ્સએપ ખોલ્યું.

મો. ૯૪૨૮૪૧૭૪૦૬

દુરાગ્રહ : આપણી સલાહનો અમલ કરવા માટેનો....

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક નાનાં શહેરનું એક ખાનદાન કુટુંબ. એ કુટુંબમાં અચાનક એક સામાજિક પારિવારિક સંકટ આવ્યું. એ કુટુંબની સાત પેઢીમાં ક્યારેય ન બન્યું હોય એવી ખરાબ ઘટના બની એટલે એ પૂરો પરિવાર શરમ, સંકોચ અને માનસિક તાણ અનુભવતો હતો. વાત એમ હતી કે એ કુટુંબના એક દિકરાનું વેવિશાળ કર્યું હતું અને એ વેવિશાળ ફોક થયું. વાત માત્ર આટલી જ ન હતી. વેવિશાળ ફોક કર્યા પછી સામેના પક્ષેથી એ દીકરા ઉપર, એ પરિવાર ઉપર, ઘણા બધા પ્રકારના આક્ષેપો થયા. એ આક્ષેપો એવા હતા જેની એક ખાનદાન કુટુંબ ક્યારેય કલ્પના પણ ન કરી શકે. એ પ્રકારના આક્ષેપોને કારણે એ પરિવારની સગાવહાલાઓમાં, જ્ઞાતિમાં અને સમાજમાં ફજેતી થઈ અને તેને કારણે કુટુંબ પોતાના સગાવહાલાઓમાં, સમાજમાં અને વ્યવસાયિક ક્ષેત્રમાં મોઢું બતાવતાં પણ સંકોચ અનુભવવા લાગ્યા.

કોઈપણ વ્યક્તિ કે પરિવાર જ્યારે કોઈ પણ પ્રકારના સંકટમાં હોય ત્યારે એ પરિવારના સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, જ્ઞાતિજનો તેમને એ સંકટમાંથી ઊગારવા માટે કે સંકટ હળવું કરવા માટે વિવિધ પ્રકારની સલાહો આપતા હોય છે. એ સંકટ પછી પારિવારિક હોય, કોઈ સામાજિક હોય, શારીરિક હોય કે આર્થિક હોય. આપણા કોઈ સગા સંબંધીઓને આ પ્રકારનાં સંકટ આવે છે ત્યારે આપણે પણ તેઓને આપણી સમજ પ્રમાણે સલાહ-સૂચનો આપીએ છીએ. આપણે જો કોઈ પણ પ્રકારનાં સંકટમાં હોઈએ તો આપણને આપણા મિત્રો,સ્નેહીઓ, સંબંધીઓ આપણને પણ વિવિધ પ્રકારની સલાહ અને સુચનો આપતા હોય છે.

આમ જોઈએ તો એ વાત સારી પણ છે. કારણ કે દરેક વ્યક્તિ પોતપોતાની સમજણ, યોગ્યતા અને અનુભવોને આધારે સલાહ-સૂચનો આપતા હોય છે. શક્ય છે કે એવી ઘણી બધી સલાહોમાંથી જો એકાદનું અમલીકરણ થાય અને એ સલાહ કદાચ કામ આવી જાય તો. જો એવું થાય તો એ પરિવાર સંકટમાંથી બહાર આવી જાય. ભલે સંકટમાંથી કદાચ પૂરા બહાર ન આવી શકે તો પણ થોડી ઘણી રાહત થાય તો પણ ઘણું છે.

પેલા પરિવાર સાથે આવું તો થયું જ. ઘણા બધા સ્નેહી સંબંધીઓએ ઘણી બધી સલાહ આપી સૂચનો કર્યા. અને કેટલાકે મદદ કરવાની તૈયારી પણ બતાવી. આ ઉપરાંત એકાદ-બે સ્નેહીઓ તેનાથી પણ આગળ વધ્યાં. તેઓ માત્ર સલાહ-સૂચન આપીને જ અટક્યા નહીં. જોઈતી મદદ આપી હોત તો પણ કદાચ સારું થાત. પણ એ લોકોએ તો પોતાની સલાહનો કોઈ પણ રીતે યેનકેન પ્રકારે અમલ થાય તેના માટે ઝઝૂમતા રહ્યા અને પોતાની સલાહનો અમલ કરાવ્યા પછી જ તેઓએ ચેનનો શ્વાસ લીધો. પેલા પરિવારની ઈચ્છા ન હોવા છતાં પરાણે કેટલાક સંબંધીઓની સલાહનો અમલ કરવો પડ્યો અને તેના કારણે પરિવારના સંકટમાં ઘટાડો થવાને બદલે વધારો થયો. એ પરિવારના ભૂંડા હાલ થયા

આપણે એક હિતેચ્છુ તરીકે કોઈને પણ સલાહ આપીએ, સૂચનો આપીએ એ વાત સારી જ છે. કારણ કે એ સલાહ સૂચનોમાં આપણી પાસે રહેલી માહિતી, આપણું જ્ઞાન, અને આપણા અનુભવોનો નિચોડ હોય છે જે કદાચ સામેની વ્યક્તિ પાસે ન પણ હોય. સલાહ-સૂચન આપ્યા પછી આપણો એવો દુરાગ્રહ ક્યારેય પણ ન હોવો જોઈએ કે આપણા સલાહસૂચનો એ વ્યક્તિ અમલ કરે જ. આપણને જે કંઈ અનુભવ થયા હોય એ જુદી પરિસ્થિતિમાં થયા હોય અને આપણે જેને સલાહ આપતા હોઈએ એ વ્યક્તિની પરિસ્થિતિ જુદી હોય શકે. એક રણનીતિ કે સમસ્યાનો ઉપાય એક પરિસ્થિતિમાં કારગત નીવડે જે બીજી પરિસ્થિતિમાં કારગત ન પણ નિવડે. તો એવા સંજોગોમાં આપણે શા માટે દૂરાગ્રહ કરવો જોઈએ કે અમારી સલાહ માનો અને તેનો અમલ પણ કરો. કેટલાક લોકોને એવી આદત હોય છે કે પોતે સલાહ આપે પછી તેની પૂછપરછ કરે 'એ ભાઈ અમે તમને સલાહ આપી તેનું શું કર્યું? તેની અમલીકરણ કર્યું કે નહીં? નથી કર્યું તો શા માટે નથી કર્યું? અમલીકરણ કરવામાં તમને શું અડચણ આવે છે?લ્ય એ અડચણો દૂર કરવા માટે પણ પાછા એ લોકો બીજી સલાહ આપે. પોતાની સલાહના અમલીકરણ માટે લોકો આદુ ખાઈને એટલા પાછળ પડી જાય કે સામેની વ્યક્તિને ના છૂટકે સલાહનું અમલીકરણ કરીને સલાહ આપનારને બતાવવું પડે કે જુઓ અમે તમારી સલાહ માની લીધી, હવે અમારો પીછો છોડો.

કોઈ વ્યક્તિ પોતાની સલાહ ન માને તો ઘણા લોકોને દુઃખ લાગી જતું હોય છે. પોતાની સલાહ ન માનનાર વ્યક્તિ સાથે એ લોકો અબોલા લઈ લેતા હોય છે. તેઓથી રિસાઈ જતાં હોય છે. રિસાવું કે અબોલા તો ઠીક, પણ વખતોવખત એ લોકો મેણા-ટોણા પણ મારવાની એક પણ તક ચુકતા નથી અને એવું કહેતા ફરતા હોય છે કે 'અમારી સલાહ તમે ન માની. જો અમારી સલાહ માની હોત તો સૌ સારા વાના થઈ જાત.

આપણાં સ્નેહી સબંધી જ્યારે કોઈ પણ પ્રકારના સંકટમાં હોય ત્યારે આપણી સમજણ, આપણા જ્ઞાન અને આપણા અનુભવ પ્રમાણે સલાહ આપીએ તો એ આપણી ફરજ છે. પણ સંકટમાં આવેલી વ્યક્તિ આપણી સલાહ માને જ એવો દુરાગ્રહ રાખવાથી આપણે આપણા સ્નેહીને ક્યારેક વધારે સંકટમાં મૂકતા હોઈએ છીએ. આવું કરવાને બદલે આપણે માત્ર સલાહ આપીને અટકી જઈએ. સ્નેહીને આપણી મદદ જોઈતી હોય તો એ મદદ આપવા માટે તૈયારી બતાવીએ. જરૂર પડે તો મદદ કરીએ. પણ આપણી સલાહ માને જ અને તેનો અમલ કરે જ એવો દુરાગ્રહ ક્યારેય ન રાખીએ. આવું કરવામાં જ આપણા સ્નેહી અને આપણું બંનેનાં હિત સમાયેલા છે.

યે દુનિયા કિતની બડી હૈ જરા અપની ખ્વાહિશે દેખ લો!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાલમાં પૂર્ણ થતાં થતાં ચોમાસાએ કુદરતના સ્વભાવ અને ઈરાદાઓનો બધાને પરિચય કરાવ્યો. સર્વત્ર ખૂબ જ વરસાદ થયો. છતાં તેમાંથી સંતોષ જે થવો જોઈએ તે થયો નહીં ઉપરાંત નદી-નાળા છલકાયા ડેમો ઓવરફલો થયા તેમ છતાં લોકો ત્યાં ફરવા કે પિકનિક કરવા જઈ શક્યા નહીં કેમ કે અદેશ્ય કોરોનાથી બચવા બધાની ઈચ્છા અને પ્રશાસનની સૂચના પણ જોવા મળી ટૂંકમાં કહી શકાય કે ઘણી બધી વાર પ્રાપ્તિ નજર સામે હોવા છતાં ત્યાં ઉપભોગ ઈશ્વરની ઈચ્છા વિના અસંભવ હોય છે માટે જ હરિ ઈચ્છા બલવાન કહેવાય છે. આપ્યું અને તાપ્યું કયાં સુધી આનંદ આપી શકે? બધાને મન સુંદર સુખી જીવનનં મધુર સ્વપ્ન હોય છે છતાં એ સૌ સાકાર કરી શકતા નથી!!

ટચલી આંગળીથી તણખલું પણ
તૂટે એમ નથી.
અને જિંદગી અહીં ગોવર્ધન થઈ
ને બેઠી છે.

દુનિયાના સર્જનહારે પુરુ વિશ્વ બનાવ્યું અને તેનું પ્રબંધન પણ એટલું જ મજબૂત રાખ્યં છે જીવન અને મરણની વચ્ચેના જ સમયમાં વ્યક્તિએ ઉદય થઈ અચાનક અસ્ત થઈ જવાનું હોય ત્યાં અગ્રતા કોને તથા કેટલી આપવી એ મહત્ત્વની ઘટના કહી શકાય. રાત નાની અને વેશ ઝાઝા તેવી આ જીવનકથા છે.

રઈશ મણીયારનો માર્મિક શેર સમજવા જેવો છે.

દરિયો જ શાંત હોય એ પૂરતું નથી,
કયારેક ખાલી નાવમાં ઉત્પાત હોય છે.

જે ઉત્પાત હોય એ જ માનવીને શાંત થવા દેતો નથી તેના મૂળમાં મનની અતૃપ્ત ઈચ્છાઓ જ હોય છે અને તેનો કદી અંત થતો નથી એકાદ ખ્વાહિશ પૂરી થતાં બીજી તુરંત જ પ્રસરી જાય છે. જેના કારણો અને સંજોગો બદલાતા રહે છે. કોઈ જ ઈચ્છા રહે જ નહીં એ કક્ષાએ માનવના અસ્તિત્વ માટે શંકા ઉત્પન્ન થઈ જાય છે!

તમન્ના થી માણસ દોડતો-ભાગતો રહે છે.

એક હી ખ્વાબ ને સારી રાત જગાયા હૈ
મૈં ને હર કરવર સોને કી કોષિશ કી!

પૃથ્વીનો છેડો ઘર કહેવાય છે કેમ કે પૃથ્વી તો ગોળાકાર છે તેની જેમ જ ઈચ્છાનો છેડો કયો? અનંત ઈચ્છાઓ હોવાથી માણસ જન્મ મરણના ચક્રમાંથી બહાર નીકળી શકતો નથી. હરિકથા અનંત અને હરિએ રચેલી માયા પણ મહાશક્તિશાળી અને સહેતુક પણ છે. ત્રિગુણાત્મક માયા ઉપર તો બધુ ચાલી રહ્યું છે. કર્મ, ધર્મ, મર્મ અને ઈશ્વરમાં જો તદ્દન આસ્થા નથી તો સમજી લેવાનું કે જીવન એક મોટી વેઠ લાગશે. માનવ વાસ્તવમાં કંઈ જ નથી છતાં એ સ્વયંની ભૂમિકા અદા કરવા અવતરે છે. તેના પાયામાં ઈચ્છાઓ કે જે સંતોષાઈ નથી એ હોય છે. ભોગવાદ તથા ભૌતિકવાદ વ્યાપક થતા હવે વ્યક્તિ અંત સુધી કંઈ ને કંઈ સતત ઝંખતો જ રહે છે. પરંતુ તે બલિયસિ કેવલં ઈશ્વેચ્છામાં માનતો નથી! કવિ અંકિત ત્રિવેદીની આ રચના સુંદર છે.

રોજનો એનો પનારો
કયાં વિતે છે એકધારો
આ દિવસ પણ એમ ઉગે
હોય છાપા નો વધારો
શું ખરીદું એ વિચારું
ખાલીખમ છે વેચનારો
બારણું ખૂલ્લું નથી ને
એ કહે ઘરમાં પધારો
સારું કરવામાં પડ્યો છે
એ બાપડો કેવો બિચારો !!
આ વિશ્વની મોટપ એ
માણસની ખ્વાહિશ સાથે
અવિરત જોડાયેલી છે.

ખ્વાહિશની ગુણવત્તાથી સમાજની છબિ સુગંધિત થતી હોય અથવા ખરડાઈ જતી હોય કેમ કે માણસોની કુલ ખ્વાહિશોથી વ્યવહારોનું સર્જન થતું રહે છે માટે ઋગ્વેદની પ્રાર્થનામાં કહ્યું કે સર્વ દિશાઓથી અમને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. લાગણી અને માંગણીમાં લાલચવૃત્તિ ઘાતક થઈ છે ત્યારે ખેંચામ હોય એ યોગ્ય પણ ડૂબવું એ લાંછન ને જન્મ આપે છે. વિવેકબુદધિ માનવને ઈશ્વરીય બક્ષિસ છે તેનો ઉપયોગ સુખના માર્ગે દોરી જવામાં થતો રહે એ જ માનવધર્મનો મુખ્ય સાર જોવા મળે છે. મહાભારત પ્રત્યેક કદમ પર યાદ રાખવું ખૂબ જરૂરી છે. તેમાંથી ઉમદા બોધપાઠ છે. મહાશક્તિશાળીઓ પણ દુઃખી થતાં તો અયોગ્ય ખ્વાહિશોએ કેવું પતન નોતર્યું એ તેમાં દેખાય છે!

ઈચ્છા મુજબ જ બને તેવો હઠાગ્રહ પેદા થતા વિચારનું સૌંદર્ય વિકૃતિ તરફ જતું રહે છે એ પછી વિષાદયોગ આવી પડે અથવા એ સંવેદના અને ઉત્તેજનાને કાપી નાંખે જેથી અધમતાનું પણ સર્જન થઈ જાય છે. પ્રત્યેક કાર્ય કરતા પહેલાં વિચારવું પડે કે આ કૃત્ય શું ફળ આપશે ! જીવન સાર્થક્યની કેડી ઉપર મનનો અંકુશ એ પ્રથમ પગથિયું છે. સંયમ એ સ્વયં સામેનું યુદ્ધ જ છે. ભગવાન કૃષ્ણનું જીવન ચરિત્ર એ ખૂબ માર્ગદર્શન બધા માટે છે જેમ કે કયારે શું કરવું અને શા માટે કરવું. બધા કાર્યો કે ઈચ્છાઓમાં બંધન અપેક્ષિત છે. બધાની દુનિયા મધુર બને એ પ્રકારે વસમા દિવસોમાં ઈશ્વર પાસે યાચના તથા શુભેચ્છાઓ.

શેર આસ્વાદ :
નથી ટહુકો કે એ તૂટે
નથી પડદો કે એ ડૂબે
ગળે અટકેલ ડૂમાનું
પીગળવું બહુ અઘરું છે.
(મનોજ ખંડેરિયા)